# ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.

## એપ્રેન્ટીસ અંગેની જાહેરાત

ધી એપ્રેન્ટીસ એક્ટ – ૧૯૬૧ હેઠળ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીમાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા નિયત અરજીપત્રકમાં જાહેરાત પ્રસિધ્ધ થયાને ૧૦ દિવસમાં નીચે જણાવેલ કોષ્ટકમાં જે–તે એપ્રેન્ટીસની જગ્યા સામે દર્શાવેલ અરજી સ્વીકારવાના સ્થળ પર અરજી જમા કરાવવા જણાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | અરજી સ્વીકારવાનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૨૩૯ | આઇ.ટી.આઇ. COPA ટ્રેડ પાસ અને તેથી વધુ અભ્યાસ ધરાવતા | સંબંધિત જીલ્લાની જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| ૨ | એકાઉન્ટન્ટ | ૨ | સ્નાતક કે તેથી વધુ અભ્યાસ ધરાવતા | ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની, બ્લોક: ૧૮/૩, ઉદ્યોગ ભવન, સેક્ટર–૧૧, ગાંધીનગર |
| ૩ | આસીસ્ટન્ટ એચ.આર. | ૨ | | |

આ એપ્રેન્ટીસ ટ્રેડની જાહેરાત અન્વયે અરજી કરતાં પહેલાં વિગતવાર જાહેરાતની સામાન્ય સુચનાઓ અને અરજી કરવાની રીત અંગેની નીચે મુજબની સામાન્ય સુચનાઓ જોવા વિનંતી. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

### અરજદાર માટે સામાન્ય સુચનાઓ :–

(૧) એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.org અને http://www.apprenticeship.gov.in/ પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૩) https://apprenticeshipindia.org અને http://www.apprenticeship.gov.in/ પોર્ટલ ઉપરથી એપ્રેન્ટીસ પ્રોફાઇલની પ્રિન્ટ લઈને અરજી ફોર્મ સાથે અચૂક જોડવાની રહેશે.

(૪) દરેક ઉમેદવારે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. ની વેબસાઇટ પરથી અરજી પત્રક ડાઉનલોડ કરી તેની A4 સાઇઝ પેપર પર પ્રિન્ટ કરીને પાસપોર્ટ સાઇઝ ફોટો તથા જરૂરી આધાર પુરાવા/પ્રમાણપત્રોની સ્વ–પ્રમાણિત નકલો સામેલ કરી અરજી સ્વીકારવાનાં જે–તે નિયત થયેલ સ્થળ પર જાહેરાત પ્રસિધ્ધ થયાને ૧૦ દિવસમાં અરજી જમા કરવાની રહેશે.

(૫) જો ઉમેદવાર કરારનામામાંથી એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઇ એકમ/ સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલ હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૬) સદર અરજી પત્રક સિવાયની અન્ય ફોર્મેટમાં મળેલ ઉમેદવારી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

(૮) અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરી ચુકેલ ઉમેદવારે અરજી કરવી નહીં.

(૯) એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટીસ એક્ટ – ૧૯૬૧ હેઠળ સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે.

(૧૦) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવી જોઇએ નહીં.

(૧૧) આ જાહેરાત ફકત એપ્રેન્ટીસશીપ માટે છે, એપ્રેન્ટીસશીપનો જે તે ટ્રેડનો નિયત સમયગાળો પુર્ણ થયેથી એપ્રેન્ટીસને તુરંત છુટા કરવામાં આવશે.

(૧૨) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.ની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવામાં આવશે નહીં.

**અરજી પત્રક સાથે જરૂરી પ્રમાણિત પ્રમાણપત્રો સામેલ કરવા અંગેની અગત્યની સુચનાઓ :-**

(૧) ઉમેદવારે અરજીફોર્મ સાથે સુચનામાં જણાવ્યા મુજબના તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલો ક્રમાનુસાર તથા એપ્રેન્ટીસ પ્રોફાઈલની પ્રિન્ટ અચુક જોડવાની રહેશે.

(૨) અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝ ફોટો તથા લાયકાતના પુરાવા સામેલ કરવામાં આવેલ નહીં હોય, જે તે ટ્રેડ મુજબની લાયકાત ધરાવતા નહી હોય તેમજ એપ્રેન્ટીસ પ્રોફાઈલની પ્રિન્ટ તથા કોઈપણ આધાર પુરાવા જોડવામાં આવેલ નહીં હોય તો ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

(૩) અરજીફોર્મ બિડાણો સાથે નિર્ધારિત તારીખે જમા થઈ ગયા બાદ, નહી જોડેલ ખુટતા પ્રમાણપત્રો મોકલવામાં આવશે તો તે સ્વીકારવા બાબતે કોઈપણ પત્રવ્યવહાર કે રજુઆત વિચારણામાં લેવાશે નહીં.

(૪) અરજીફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.